	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૧૦/૦૪/૨૦૨૨ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૩૯/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૬	૦	૧૩૬	૪૧૩	૦	૪૧૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૮૯	૦	૧૦૦૬૮૯	૧૦૯૫૯૧	૦	૧૦૯૫૯૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫	૩,૪૭,૭૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૦	૦૦/-

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ચાંદખેડા પોલીસ સ્ટેશનઃ

ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમા આવેલ હોટલના બંધ રૂમમા આઇ.પી.એલ. મેચમા ઓનલાઇન ક્રિકેટ સટ્ટો રમતા જુગારીઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરતી ચાંદખેડા પોલીસ

મે, પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ નાઓના હુકમથી તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ શ્રી આર.વી.અસારી સાહેબ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૨ વિજયકુમાર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન શ્રી ડી.એસ.પટેલ સાહેબ નાઓએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ અસરકારક કામગીરી કરવા તેમજ વિસ્તારમા બનતા ગુનાઓ અટકાવવા તથા પ્રોહી/જુગારના ગુનાઓ શોધી કાઢવા સારૂ અમોને સુચના આપેલ.

જે અન્વયે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ. શ્રી જી.વી.ચૌધરી નાઓને કરેલ સુચના અનુસંધાને પો.સબ.ઇન્સ.શ્રી જી.વી.ચૌધરી નાઓ તથા સર્વેલન્સ સ્ટાફના અ.હે.કો. અમૃતજી કાંતિજી બ.નં.-૯૦૨૫ તથા અ.પો.કો. કનુભાઇ બાબુભાઇ બ.નં.-૧૦૧૩૫ તથા અ.પો.કો. નરેન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં.-૬૫૮૩ તથા અન્ય સ્ટાફના માણસો સાથે ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અને પેટ્રોલીંગ દરમ્યાન સાથેના અ.હે.કો. અમૃતજી કાંતિજી બ.નં.-૯૦૨૫ નાઓની બાતમી હકિકત આધારે ચાંદખેડા ઝુંડાલથી ચાંદખેડા બસ સ્ટેંડ તરફ જતા રોડ ઉપર આવેલ સ્પર્શ આર્કેડ નામની બીલ્ડીંગમા પાંચમા માળે આવેલ હોટલ સ્પર્શ ઇનમા રૂમ નંબર ૫૦૨ ના બંધ રૂમની અંદર આરોપીઓ નં. (૧) આશિષ પારસમલજી બોકાડીયા ઉ.વ.૪૦, રહે-મ.નં.૦૫, ગીરીરાજ એપાર્ટમેંટ બીજો માળ દેના બેંકની પાછળ જવાહરચોક સાબરમતી અમદાવાદ શહેર તથા (૨) ડેનીશકુમાર ભીખાલાલ મોરખીયા ઉ.વ.૩૨ રહે.- મકાન નં.-ઇ/૧૦૪, શ્રી હરી બ્લેજીંગ ન્યુ.સી.જી. રોડ ચાંદખેડા અમદાવાદ શહેર મુળ રહે. ગામ-પાલડી તા-દિયોદર જી.-બનાસકાંઠા તથા (૩) વિસાલસિંહ સ/ઓ જગદિશસિંહ જાતે-ભાટી, ઉ.વ.૩૬, રહે-મ.નં.૦૬, તેજેન્દ્રનગર વિભાગ-૦૩, જવાહર ચોક, સાબરમતી, અમદાવાદ શહેર તથા (૪) રોહિતકુમાર સ/ઓ નાનકરામ જાતે-લાલવાણી, ઉ.વ.૩૨, રહે-મ.નં.૧૭, દેવર્સી બંગલોઝ, નાના ચીલોડા ગામ, તા.જી.ગાંધીનગર નાઓ હોટલના રૂમમા રહેલ ટી.વી.મા લાઇવ ચેન્નાઇ સુપર કિંગ્સ-સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચેની ક્રિકેટ મેચ નિહાળી પોતાના કબ્જાના મોબાઇલ ફોનોમા brokerexch.com નામની વેબસાઇટ ઉપર લોગીન કરી ઓનલાઇન ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતા મોબાઇલ ફોન નંગ-૦૫ ની કિં.રૂ|.૩૪,૦૦૦/- તથા એક ટી.વી. કિં.રૂ|.૧૪,૦૦૦/- ની મળી કુલ્લે કિં.રૂ|.૪૮,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૦૯/૦૪/૨૦૨૨



પાસા અટકાયતીની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ

આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૨૧૦/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪,૪૧૧ મુજબ તથા (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૨૭૬/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪,૪૧૧ મુજબ તથા (૩) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૩૪૪/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪,૪૧૧ મુજબના વાહન ચોરી સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અ'વાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૩૩૩/૨૦૨૨ તા.૦૯/૦૪/૨૦૨૨ ના હુકમ આધારે તા.૦૯/૦૪/૨૦૨૨ ના કલાકઃ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી જીલ્લા જેલ ભરુચ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

આરોપીનું નામ:-

જીતેન્દ્રસિંહ ઉર્ફે જીતુભા હિંમતસિંહ કેશુભા પરમાર ઉ.વ.૩૭ રહે.પ્લોટ નં.૬૯૬૯ ધરતીનગર હોટલ જનતાની પાછળ ગોકુળ પેટ્રોલ પંપની સામે હળવદ જી.મોરબી મુળ વતન ગામ મુળી તા.મુળી જી.સુરેન્દ્રનગર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. પ્રવીણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૪૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૮૭ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન, ૧ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ, ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૪૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૪૨/૨૦૨૨**

ગુજરાત યુનિવર્સીટીઃ માલતીબહેન વા/ઓ પંકજભાઇ વિમાવાળા (રહે, નિસર્ગ એપાર્ટમેન્ટ, વસુંધરા કોલોની, નવકાર સ્કુલ સામે) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૨ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે નિસર્ગ એપાર્ટમેન્ટના ચોથા માળથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઈ.પરમાર ચલાવે છે.

રીવરફ્રન્ટ ઇસ્ટઃ ભવરારામ ગણેશારામ પરમાર (ઉ.વ.૧૯)(રહે.શક્તિ એસ્ટેટ, આર્યન એસ્ટેટની સામે, વંદે માતરમ રેલ્વે ક્રોસીંગ સામે, ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૬ પાસે, સીડી નંબર-૧૫ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિંહ બહાદુરસિહ ચલાવે છે.

શહેરકોટડાઃ બળવંતભાઇ ગુલાબભાઇ વણઝારા (ઉ.વ.૪૫)(રહે.શિવશક્તિનગર ઔડાના મકાન સફલ-૪ ની બાજુમાં અમદુપુરા નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિલીપ એકનાથ ચલાવે છે.

સરખેજઃ ભવાનભાઈ શિવાભાઈ વાળા (ઉ.વ.૩૬)(રહે.પટેલ કોમ્પલેક્ષ, ઝાલાપગીવાસ સામે, મકરબા, સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૨ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મિલનકુમાર એલ.રામાણી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.